**રે.દિ.મુ.નં.૧૯/૨૦૧૫.**

**–:: આંક – ૩૬ લગત હુકમ ::–**

**(૧) વાદીની અરજી વંચાણે લીધી. અરજીનો જવાબ વંચાણે લીધો. બંન્ને પક્ષે વિ.વ.શ્રીઓને સાંભળ્યા. આ કામનાં વાદીઓની હાલની અરજીની હકીકત એવી છે કે, વાદીઓ જમનાવડ મુકામે ખેતીની જમીનો ધરાવે છે અને તેઓની માલીકીની જમીનો આવેલી છે. જે જમીનો ધોરાજી તાલુકાનાં જમનાવડથી પીપળીયા જતાં રસ્તાથી જમનાવડ ગામ બાદ સ્ટેટ હાઈ–વે થી ઉતરી ડાબી બાજુએ પ્રતિવાદીઓનાં ખેતરમાંથી આગળ જઈ ઈરીગેશન કેનાલ માઈનોર–૨૫ આવેલ ધાબી પર થઈ અને આગળ તેઓનાં ખેતરે જવાનાં હકક છે. આ તમામ હકક સાથેનો આવેલો છે. આ જમીન વાદી નં.૧ થી ૪ ના એ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલી છે અને નં.૫ ના એ વારસાઈ મળેલ છે. તેઓના જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજમાં આ રસ્તાનો ઉલ્લેખ છે. જે પ્રતિવાદીઓની સર્વે નાં.૧૦૨ પૈકીની જમીનમાં રસ્તો આવેલ છે અને આ હકીકત જમનાવડ ગામ સીમતળ નકશામાં પણ દર્શાવેલ છે. વાદીઓ આ રસ્તે થઈ તે જ તેઓનાં ખેતરે આવતાં જતાં અને ખેતીનાં તમામ ઓજારો, ટ્રેકટર, ગાડા, ગડેરા, હારર્વેસ્ટર લઈ જતાં આવતાં જે રસ્તાની ચતુઃદિશા નીચે મુજબ છે.**

| | | |
|---|---|---|
| **ઉતર તરફ** | **:** | **જમનાવડ, પીપળીયા વાળો સ્ટેટ હાઈ–વે આવેલ છે.** |
| **દક્ષિણ તરફ** | **:** | **માઈનોર ૨૫ કેનાલ અને તેના પરની ધાબી આવેલી છે** |
| **પુર્વ તરફ** | **:** | **પ્રતિવાદીની સીમ જમીન આવેલી છે.** |
| **પશ્વિમ તરફ** | **:** | **પ્રતિવાદીની સીમ જમીન આવેલી છે.** |

**આ રસ્તો ૧૨ ફુટ પહોળો સને ૧૯૫૮ ની સાલમાં પ્રતિવાદીના પુરોગામી જીવા ખાતાએ હાલનાં વાદી નં.૫ ના પુરોગામીને વેચાણ આપ્યાનો પણ ઉલ્લેખ દસ્તાવેજમાં છે. પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નાં.૧ જમનાવડ મુકામે રહે છે અને સર્વે નાં.૧૦૨ પૈકીની જમીન ધરાવે છે. પ્રતિવાદી નાં.૨ ની ખાતા નાં.૩૪૯ થી સંયુકત ખાતુ આવેલ છે જે પૈકી પ્રતિવાદી નાં.૧ ના ખાતાનાં વહીવટકર્તા હોય અને સીમ જમીનની દેખભાળ કરતાં હોય અને ખાતેદારો બહાર રહેતાં હોય પક્ષકારો જોડેલાં નથી. આ કામનાં પ્રતિવાદી નં.૩ પણ સર્વે નાં.૧૦૨ ની જમીનમાં હકક ધરાવે છે. તા.૦૩/૦૫/૨૦૧૫ ના આ ૧૯૫૮ થી હૈયાત રસ્તામાં ફેરફાર કરી અને વચ્ચે પાડો કરવાનું શરૂ કરતાં વાદીઓએ પ્રતિવાદીઓને દસ્તાવેજ અંગે તથા તેમનાં હકકની વાત કરતાં તેઓ એકદમ ઉશ્કેરાયને સુલેહ શાંતી જોખમાય તેવી વાતો કરતાં હતાં જેથી વાદીએ ધોરાજી પોલીસ સ્ટેશનમાં લેખીત ફરીયાદ કરેલ પરંતુ તે મુજબ પોલીસે કોઈ પગલાં ન લેતાં રસ્તામાં પ્રતિવાદીઓએ બાહુબળથી ફેરફાર કરવાનું ચાલુ રાખેલું. વાદીઓનાં દસ્તાવેજમાં સદર દસ્તાવેજનો**

ઉલ્લેખ છે. વાદીઓને તેમનાં ખેતરે આવવા જવા માટે રસ્તો બંધ થઈ જાય તો અન્ય કોઈ રસ્તો હૈયાત નથી તેઓને ખેતીની ઉપજ નીપજ લેવામાં પણ પારાવાર નુકશાન જાય. હાલમાં ચોમાસુ નજીક છે અને ખેતરે ખેતીનું કામ પણ ઘણું હોય છે જેથી તેમનાં સુખાધીકારનાં હકકો પ્રતિવાદીનાં અપકૃત્યને લઈ ભોગવવાનું બંધ થાય તેવી પરિસ્થિતિ સર્જાયેલી હોય જેથી વાદીએ હાલની અરજી લાવી, દાવા અરજીમાં જણાવેલ ૧૨ ફુટ પહોળો રસ્તો પ્રતિવાદીઓ મુળભુત પરિસ્થિતિમાં લાવી આપે તેવો આદેશાત્મક મનાઈ હુકમ તથા પ્રતિવાદી તેનાં વંશ વાલી વારસો, એજન્ટો, અનુગામીઓ, સહહિસ્સેદારો મારફતે દાવા અરજીમાં જણાવેલ વિગત, વર્ણન, ચતુ:દિશાવાળા રસ્તામાં અવરોધ કે અટકાયત થાય તેવું કોઈ કૃત્ય કરે કરાવે નહીં તેવો મનાઈ હુકમ ફરમાવવાની દાદ માંગેલી છે.

(૨) આ કામે દાવાની હકીકતો ધ્યાને લેતાં વાદી દવારા હાલનો દાવો અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવેલ દાવા સાથે આંક–૫ ની પ્રતિવાદીઓ સામે વચગાળાનો મનાઈ હુકમ મળવા અરજી રજુ કરવામાં આવેલ. ત્યારબાદ વાદી તરફે દાવાવાળા રસ્તા તથા જમીનની સ્થળ સ્થિતિનું કોર્ટ કમીશ્નર દવારા પંચરોજકામ કરાવવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તરફે પોતાની આંક–૫ ની અરજી ફરી દાખલ કરવાની શરતે પરત ખેંચી લેવામાં આવેલ.

(૩) વાદીની મનાઈ હુકમ મળવાની અરજી લગત નામ.કોર્ટ ધ્વારા આ કામના પ્રતિવાદીને કારણદર્શક નોટીશ કાઢવામા આવેલી. જે નોટીશ પ્રતિવાદીઓને ધારા ધોરણસર બજી જતાં, પ્રતિવાદીઓ તેઓના વિ.વ.શ્રી. મારફતે દાવાના કામે હાજર થયેલા છે. ત્યારબાદ, પ્રતિવાદી તરફે વાદીની દાવાઅરજી તથા મનાઈ અરજીનો સંયુકત લેખીત જવાબ આંક–૩૭ થી આપવામાં આવેલો છે. પ્રતિવાદીઓએ તેઓનાં જવાબમાં જણાવેલ છે કે, વાદીઓનાં કુટુંબીજનો મારફતે આ જ તકરારને લઈને મામલતદાર કોર્ટ એકટ કલમ – ૫ મુજબ લીટીગેશન રજુ કરવામાં આવેલાં છે. તેઓની જમીનમાં દાવા તારીખે વાદીઓનો કોઈ રસ્તો હયાત ન હતો. આ કામે પક્ષકાર તરીકે તેઓ ન હતાં ત્યારે કોર્ટ કમીશ્નર મારફત જે રોજકામ થયેલું તે જોતાં વાદીઓને ખેતરે આવવા જવા માટે અલગ કેનાલ ૨૫ વાળો રસ્તો આવેલો છે અને આ રસ્તો નિતિનભાઈ રામજીભાઈ હડીયાનાં પશ્વિમ શેઢે થઈ કિશોરભાઈ નાનજીભાઈ તથા નાનજીભાઈ જીવાભાઈનાં દક્ષિણ શેઢે થઈ અને ધાબી પર થઈ હયાત છે. દસ્તાવેજમાં જેમની જમીનમાંથી હકક આપવામાં આવતાં હોય તેમની સંમતી લેવામાં ન આવે તેવા દસ્તાવેજનું કોઈ મહત્વ નથી અને માત્ર જુનો હકક હોવાથી વર્તમાન હકક એસ્ટાબ્લીશ થઈ શકેલ નહીં. વાદીને વૈકલ્પીક રસ્તો હોય વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ નથી. વચગાળાનાં તબકકે આદેશાત્મક દાદ આપી દેવામાં આવે તો તે આખરી દાદ મળી ગયા બરાબર

ગણાય અને આવા સંજોગોમાં વાદીની વચગાળાની મનાઈ હુકમની અરજી ટકવાપાત્ર નથી. જેથી વાદીની અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામે વાદી ધ્વારા તથા પ્રતિવાદી ધ્વારા પોતાની ઉપરોકત રજુઆતનાં સમર્થનમાં નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

–: વાદી તરફે દસ્તાવેજી પુરાવાઓ :–

(૧) માર્ક ૪/૧ થી વેંચાણ દસ્તાવેજ નાં.૧૪૯

(૨) માર્ક ૪/૨ થી વેચાણ દસ્તાવેજ નાં.૫૦૯

(૩) માર્ક ૪/૩ થી વેચાણ દસ્તાવેજ નાં.૧૩૨૭

(૪) માર્ક ૪/૪ થી વેરો કર્યાની પહોંચ

(૫) માર્ક ૪/૫ થી વેચાણ દસ્તાવેજ નાં.૧૮૭૮

(૬) માર્ક ૪/૬ થી ખેડુત ખાતાવહી

(૭) માર્ક ૪/૭ થી પ્રતિવાદીનાં રેવન્યુ રેકર્ડ ૮–અ

(૮) માર્ક ૪/૮ થી પ્રતિવાદીનાં રેવન્યુ રેકર્ડ ૭–૧૨

(૯) માર્ક ૪/૯ થી પ્રતિવાદીનાં રેવન્યુ રેકર્ડ ૮–અ

(૧૦) માર્ક ૪/૧૦ થી પ્રતિવાદીનાં રેવન્યુ રેકર્ડ ૭–૧૨

(૧૧) માર્ક ૪/૧૧ થી પ્રતિવાદીનાં રેવન્યુ રેકર્ડ ૮–અ

(૧૨) માર્ક ૪/૧૨ થી પ્રતિવાદીનાં રેવન્યુ રેકર્ડ ૭–૧૨

(૧૩) માર્ક ૪/૧૩ થી પ્રતિવાદીનાં રેવન્યુ રેકર્ડ ૮–અ

(૧૪) માર્ક ૪/૧૪ થી પ્રતિવાદીનાં રેવન્યુ રેકર્ડ ૭–૧૨

(૧૫) માર્ક ૪/૧૫ થી જમનાવડ સીમતળની જમીનો નકશો

(૧૬) માર્ક ૪/૧૬ થી પોલીસને આપેલી અરજી

(૧૭) માર્ક ૧૯/૧ થી ભાદર પેટા વિભાગ–ધોરાજીનો પત્ર

(૧૮) માર્ક ૪૦/૧ થી વેચાણ દસ્તાવેજ

(૧૯) માર્ક ૪૦/૨ થી ગુગલ મેપ્સનો નકશો.

### –: પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવાઓ :–

(૧) માર્ક ૧૮/૧ થી વાદગ્રસ્ત જમીનનો રેવન્યુ રેકર્ડ ૭–૧૨, ૮–અ

(૨) માર્ક ૪૩/૧ થી મામલતદાર કચેરી ધોરાજી કેસ નાં.૪/૧૫ ની નોટીસ

(૩) માર્ક ૪૩/૨ થી મામલતદાર કેસ નાં.૪/૧૫ ની દાવા અરજી તથા ડી.ઈ. લીસ્ટ

(૪) માર્ક ૪૩/૩ થી જતીન ચંદુભાઈનો દસ્તાવેજ

(૫) આ કામે બંને પક્ષકારો દવારા રજુ કરવામાં આવેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવો ધ્યાનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે.

(૬) આ કામે વાદી તરફે વિ.વ.શ્રી કે. એમ. પારેખની દલીલો સાંભળી તથા પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી સી. એસ. પટેલની દલીલો સાંભળી.

આ કામે પ્રતિવાદી પક્ષે નીચે મુજબનાં નામદાર ઉપલી અદાલતોનાં ચુકાદાઓ રજુ કરવામાં આવેલાં છે જે માનસહ વંચાણે લીધા.

૧. એ.આઈ.આર. ૧૯૮૨ કલકતા, ૪૧૨

૨. એ.આઈ.આર. ૧૯૯૫ દિલ્હી, ૧૩૧

૩. જી.એલ.એચ. ૨૦૦૨, યુ.જે., ૬

૪. જી.સી.ડી. ૨૦૧૦(૩), ગુજરાત, ૧૯૮૯

૫. ૧૯૯૯(૨) જી.સી.ડી. ગુજરાત, ૧૨૧૬

૬. એ.આઈ.આર. ૧૯૭૫ ગુજરાત, ૧૦૯

૭. એ.આઈ.આર. ૧૯૭૮, ગુજરાત, ૬૨

(૭) વાદીઓની દાવા અરજી, પ્રતિવાદીઓના જવાબ તથા બંન્ને પક્ષકારો તર્ફે રજુ થયેલા દસ્તાવેજો આધારે અરજીના નિર્ણય અર્થે નામ.કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થયા છે.

### –– :: મુદૃાઓ ::––

(૧) શું વાદી નો પ્રથમ દર્શનિય કેસ છે?

(૨) શું બેલેન્સ ઓફ કનવીનીયન્સ વાદીના લાભમાં છે?

(૩) શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવાથી વાદીને નાણાંથી ભરપાઈ ના થઈ શકે, તેવું નુકશાન થાય છે?

(૪) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયોના મારા જવાબો નીચે મુજબ છે:

:::– કા ર ણો – :::

(૯) મુદ્દા નંબર– ૧ થી ૩ અંગે ::–

આ કામે મુદ્દા નંબર–૧ થી ૩ હકીકતની દ્રષ્ટિએ તથા કાયદાની દ્રષ્ટિએ પરસ્પર એકબીજા સાથ સકંળાયેલ હોવાથી હકીકતોનો પુનરાવર્તન ટાળવા તમામ મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે.

આ કામે વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે અને હાલની મનાઈ હુકમની અરજી રજુ કરી દાવા અરજીમાં જણાવેલ ૧૨ ફુટ પહોળો રસ્તો પ્રતિવાદીઓ મુળભુત પરિસ્થિતિમાં લાવી આપે તેવો આદેશાત્મક મનાઈ હુકમ તથા પ્રતિવાદી તેનાં વંશ વાલી વારસો, એજન્ટો, અનુગામીઓ, સહહિસ્સ ેદારો મારફતે દાવા અરજીમાં જણાવેલ વિગત, વર્ણન, ચતુ:દિશાવાળા રસ્તામાં અવરોધ કે અટકાયત થાય તેવું કોઈ કૃત્ય કરે કરાવે નહીં તેવો મનાઈ હુકમ ફરમાવવાની દાદ માંગેલી છે.

એ સર્વમાન્ય સિધ્ધાંત છે કે, કામચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રૂબરૂ ચોખ્ખા હાથે આવવુ જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિધ્ધ કરવાનુ રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર

સિધ્ધ કરવાથી વાદી આપો આપ કામચલાઉ મનાઈહુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિધ્ધ કરવાની રહે છે કે સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામાપક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુકસાન જાય તેમ છે અને તે નુકસાન નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણુક તથા ડીલે અને લેચીસની હકિકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં કોર્ટે કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નકકી કરતી વખતે એ હકિકતત પણ ધ્યાને લેવાની રહે છે કે, કામ ચલાઉ મનાઈ હુકમની દાદનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે. એટલે કામ ચલાઉ મનાઈ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરૂપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય. જયારે, પક્ષકારો પોત–પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપિત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબ જ ગંભીર બાબત છે અને મનાઈહુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા, અન્ય પક્ષકારોને થનાર નુકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈહુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તિાનો ઉપયોગ ન્યાયિક રીતે કરવાનો છે. વધુમાં, મનાઈહુકમ એ કોઈ ધ્વારા કરવામાં આવતા કોઈ ચોકકસ કૃત્યને અટકાવવાનો હુકમ છે. વળી મનાઈહુકમ એ સમન્યાયીક દાદ છે. અગાઉ જણાવ્યા પ્રમાણે મનાઈહુકમ એ સમન્યાયી દાદ છે. વળી મનાઈહુકમ માગનર વ્યકિતએ અદાલતને સંતોષ થાય તે રીતે બતાવવું પડે, (૧) દાવામાં મહત્વના અને ગંભીર પ્રશ્નની ઈન્સાફી કાર્યવાહી થાય અને હકીકતોનો નિર્ણય થાય તેવી સંભાવના છે અને વાદી અને પક્ષકાર તેમાં સફળ થાય તેવી પુરી શકયતા છે. (૨) મનાઈહુકમ માગનાર વ્યકિતનાં હકકોનાં રક્ષણ માટે કોર્ટનો હસ્તક્ષેપ કરવો જરૂરી છે. જેથી પોતાના હકકો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય. (૩) જો મનાઈહુકમ માગનાર વ્યકિતને કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો, તે વ્યકિતને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ અસહય નુકસાન થવાની સંભાવના છે. વધુમાં કામચલાઉ મનાઈહુકમની માંગણી મંજુર કરવી કે તેનો ઈન્કાર કરવો તે કોર્ટની વિવેકબુધ્ધિ ઉપર આધાર રાખે છે અને જેતે કિસ્સાના સંજોગો અને હકીકત તથા મનાઈહુકમથી થતી અનુકુળ અને પ્રતિકુળ અસરો ધ્યાને લઈ કોર્ટે પોતાની વિવેકબુધ્ધિ અનુસાર મનાઈહુકમની અરજી ઉપર હુકમ કરવાનો રહે છે, અને તે ઉપરાંત કામચલાઉ મનાઈહુકમ મેળવવા વાદીએ પોતાનો પ્રથમ દર્શનિય

કેસ તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ ઉપરાંત અને પોતાને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થાય તેમ છે તેવુ પણ બતાવવુ જરૂરી છે.

(૧૦) આ કામે વાદી, પ્રથમ દર્શનીય કેસ ધરાવે છે કે, કેમ ? તે અંગે બંને પક્ષકારોની રજુઆત સંદર્ભે રેકર્ડનું મુલ્યાંકન કરવામા આવે તો, પ્રતિવાદીઓની સર્વે નાં.૧૦૨ પૈકીની જમીનમાં રસ્તો આવેલ છે, વાદીનાં જણાવ્યા મુજબ તેઓ વર્ષોથી આ રસ્તાનો ઉપયોગ પોતાનાં ખેતીનાં સાધનો, ટ્રેકટર વિગેરે લઈ જવા માટે કરતાં આવેલાં છે. જે ગાડામારગ સિવાય વાદીઓને પોતાનાં ખેતરોમાં જવા માટે અન્ય કોઈ રસ્તો હયાત નથી. આમ, વાદીએ પોતાનો પ્રથમદર્શનિય કેસ સાબિત કરવા માટે સૌપ્રથમ એ પુરવાર કરવાનું રહે છે કે વાદીએ જે દાવાવાળો ગાડામારગ પ્રતિવાદીઓની સર્વે નં.૧૦૨ પૈકી ની જમીનમાંથી નીકળતો હોવાનું જણાવેલ છે તેવો કોઈ રસ્તો હકીકતમાં અસ્તિત્વમાં છે કે કેમ અને આ રસ્તા સિવાય અન્ય કોઈ વૈકલ્પીક માર્ગ છે કેમ ? આ કામે વાદી દવારા માર્ક ૪/૧ થી માર્ક ૪/૩ સુધી તથા માર્ક ૪/૫ થી જમીનોનાં વેચાણ દસ્તાવેજો રજુ કરવામાં આવેલાં છે. આ તમામ દસ્તાવેજો જોવામાં આવે તો તેમાં ગાડા મારગનાં રસ્તા પરથી હાલવા–ચાલવાનો હકક આપવામાં આવેલ છે તેવી હકીકત સ્પષ્ટ પણે જણાવવામાં આવેલી છે. પરંતુ આ રસ્તો કયા સર્વે નંબરો વાળી જમીનોમાંથી આપવામાં આવેલ છે તેવું જણાવવામાં આવેલ નથી. વધુમાં આ દસ્તાવેજોમાં જે ખેતીની જમીનોનાં ખાતેદારોનું વર્ણન અને નામ આપવામાં આવેલાં છે તે ખાતેદારો દવારા હાલનાં પ્રતિવાદીઓને વારસાઈમાં દસ્તાવેજ મુજબની જમીનો આપવામાં આવેલી હોય તેવું કોઈ રેવન્યુ રેકર્ડ કે વારસાઈ એન્ટ્રી રજુ થયેલી નથી જેથી વાદીએ પોતાનાં દાવામાં જણાવેલ છે તે જ ગાડા મારગનો હકક માર્ક ૪/૧ થી ૪/૩ તથા માર્ક ૪/૫ નાં દસ્તાવેજોમાં આપવામાં આવેલ હોય તે હકીકત સ્પષ્ટ થઈ શકેલી નથી. વધુમાં આ કામે કોર્ટ કમીશ્નરશ્રી દવારા દાવાવાળી જમીનોની સ્થળ સ્થિતિનું માર્ક ૧૧/૧ થી પંચરોજકામ અને માર્ક ૧૧/૨ થી નકશો રજુ કરવામાં આવેલો છે. પંચરોજકામ જોવામાં આવે તો તેમાં કોર્ટ કમીશ્નરશ્રી દવારા ગોવિંદભાઈની જમીન અને અશ્વિનભાઈની જમીનોમાં રસ્તો આવેલ હોવાનું અને આ રસ્તામાં પાડો બનાવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ પંચરોજકામમાં કોઈપણ જગ્યાએ વાદીઓ કે પ્રતિવાદીઓની જમીનોનાં સર્વે નંબરો જણાવેલ નથી. માત્ર પંચરોજકામ કરી તેઓ રફસ્કેચ તૈયાર કરવામાં આવેલ છે. વધુમાં કોર્ટ કમીશ્નરશ્રી દવારા પંચરોજકામ અને રફસ્કેચ તૈયાર કરવામાં આવેલ તે સમયે આ દાવાનાં પ્રતિવાદી અશ્વિનભાઈ રામજીભાઈ હડીયા પંચરોજકામ કે રફસ્કેચ તૈયાર થતી વખતે હાજર રહેલાં હોય તેવું જણાતું નથી. વિશેષમાં જયારે વાદી દવારા હાલનું પંચરોજકામ અને રફસ્કેચ તૈયાર કરવાની અરજી રજુ કરવામાં આવેલી અને કોર્ટ કમીશ્નર દવારા પંચરોજકામ અને રફસ્કેચ કરવામાં આવેલ તે સમયે હાલનાં

**દાવાનાં પ્રતિવાદી રોહીત ગોવિંદભાઈ હડીયાનાઓ પક્ષકાર તરીકે જોડવામાં આવેલાં જ ન હતાં. જેથી પંચરોજકામ સમયે**

**હાલનાં બંને પ્રતિવાદીઓ પૈકી એકપણ પ્રતિવાદી હાજર ન હતાં જેથી પંચરોજકામ કરવામાં આવેલ છે તે જમીનો હાલનાં દાવામાં જણાવેલ સર્વે નંબરો વાળી જ જમીનો છે તે હકીકત સ્પષ્ટ થઈ શકેલી નથી. વધુમાં આ કામે પ્રતિવાદીઓ દવારા પોતાનાં આંક–૩૭ નાં જવાબમાં પણ જણાવવામાં આવેલ છે કે જે સમયે પંચરોજકામ કરવામાં આવેલ તે સમયે તેઓ પક્ષકાર તરીકે હતાં નહીં. વધુમાં તેઓનાં જવાબમાં એ હકીકત પણ જણાવવામાં આવેલ છે તે સર્વે નં.૧૦૨ પૈકીની જે જમીનોનાં સને ૨૦૦૬ માં ભાગ પડી ગયેલાં છે. જે હકીકત ધ્યાને લેવામાં આવે તો આ કામનાં વાદી દવારા માર્ક ૪/૭ થી માર્ક ૪/૧૪ સુધી જે રેવન્યુ રેકર્ડ રજુ કરવામાં આવેલ છે તે જોતાં સર્વે નં.૧૦૨ પૈકીની જમીનોનાં ભાગ પાડવામાં આવેલાં છે. જેથી વાદવાળો ગાડા મારગ ખરેખર કઈ જમીનો વચ્ચેથી પસાર થાય છે તે હકીકત પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે તેમ નથી. વધુમાં કોર્ટ કમીશ્નરશ્રી દવારા કરવામાં આવેલ પંચરોજકામ તથા રફસ્કેચ જોતાં નીતીન રામજીભાઈનાં ખેતરની પશ્ચિમ તરફથી એક રસ્તો આવેલો છે જે કોર્ટ કમીશ્નરશ્રીનાં પંચરોજકામ મુજબ ઈરીગેશન સર્વિસ રોડ છે જે રસ્તો વાદીઓનાં ખેતર સુધી જતો રસ્તો હોવાનું માલુમ પડે છે. વાદીઓ દવારા પોતાની દાવા અરજી કે આંક–૩૬ ની વચગાળાનાં મનાઈ હુકમની અરજીમાં એવું કોઈ પ્લીડીંગ કરેલ નથી કે ઈરીગેશન ડીપાર્ટમેન્ટ દવારા આ રસ્તા ઉપર તેઓને ચાલવા માટે મનાઈ કરવામાં આવેલી છે. આ રસ્તો હાલ પણ હૈયાત હોવાનું જણાય છે. આમ, પ્રથમ દર્શનિય રીતે વાદીઓ પાસે પીપળીયા જતાં સ્ટેટ હાઈ–વે પરથી ઈરીગેશન સર્વિસ રોડ પર થઈને પોતાનાં ખેતર સુધી જવાનો રસ્તો હોવાનું જણાય આવે છે. વધુમાં વાદીઓ દવારા દાવાવાળો ગાડામારગ તે એકમાત્ર પોતાનાં ખેતરો સુધી જવા માટેનો રસ્તો છે તે હકીકતનાં સમર્થનમાં આજુબાજુનાં અન્ય કોઈ ખાતેદાર ખેડુતોનાં સોગંદનામાઓ પણ રજુ કરવામાં આવેલાં નથી. જે હકીકતથી પણ વાદીનાં કેસને સમર્થન પ્રાપ્ત થઈ શકેલ નથી.**

**આમ, ઉપરોકત વિગતે કોર્ટ કમીશ્નર દવારા કરવામાં આવેલ પંચરોજકામ તથા રફસ્કેચ તથા વાદી દવારા રજુ કરવામાં આવેલ રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતાં તથા પંચરોજકામ કરતાં સમયે હાલનાં દાવાનાં પ્રતિવાદીઓની અનુપસ્થિતિથી વાદ વાળો ગાડામારગ રસ્તો ખરેખર કયા સર્વે નંબરોવાળો જમીનોમાંથી નીકળે છે તે હકીકત રેકર્ડ ઉપર સ્પષ્ટ થઈ શકેલ નથી. જેથી ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબ વાદી પોતાનો પ્રાઈમાફેસી કેસ સાબીત કરવામાં નિષ્ફળ નીવડતાં હોય મુદા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.**

આ કામે દાવાનાં રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ તમામ હકીકતો જોવામાં આવે તો, અગાઉ ચર્ચા કરેલી તે મુજબ રફસ્કેચ મુજબ નીતીન રામજીભાઈનાં ખેતરની પશ્ચિમ તરફથી પીપળીયા જતાં સ્ટેટ હાઈ–વે પરથી ઈરીગેશન સર્વિસ રોડ પર થઈ રસ્તો છે જેકોર્ટ કમીશ્નરશ્રીનાં પંચરોજકામ મુજબ ઈરીગેશન સર્વિસ રોડ છે જે રસ્તો વાદીઓનાં ખેતર સુધી જતો રસ્તો હોવાનું માલુમ પડે છે. વાદીઓ દવારા પોતાની દાવા અરજી કે આંક–૩૬ ની વચગાળાનાં મનાઈ હુકમની અરજીમાં ઈરીગેશન ડીપાર્ટમેન્ટ દવારા આ રસ્તા ઉપર તેઓને ચાલવા માટે મનાઈ કરવામાં આવેલી હોય તેવું જણાવેલ નથી. આ રસ્તો હાલ પણ હૈયાત હોવાનું જણાય છે. આમ, પ્રથમ દર્શનિય રીતે વાદીઓ પાસે ને પોતાનાં ખેતર સુધી જવાનો રસ્તો હોવાનું જણાય આવે છે. વધુમાં કોર્ટ કમીશ્નરશ્રીનાં પંચરોજકામમાં ગોવિંદભાઈનાં ખેતર તથા અશ્વિનભાઈનાં ખેતરમાં રસ્તો હોવાનું જણાવેલ છે જે રસ્તામાં તાજો પાડો કરેલ હોવાનું અને તે પાડો ૯૦૦ ફુટ જેટલો હોવાનું જણાવેલ છે. પરંતુ આ રસ્તો દાવાવાળો રસ્તો જ છે તેવી હકીકત વાદી રેકર્ડ પર લાવી શકેલ નથી. તેમ છતાં જો એવું માની લેવામાં આવે કે હાલનાં પ્રતિવાદીઓ દવારા પોતાની જમીનમાં પાડો કરી લેવામામાં આવેલ છે અને તે પાડો ૯૦૦ ફુટનો હોય તો આ પાડો કયા સંજોગોમાં કરવામાં આવેલ છે તે પણ રેકર્ડ પર આવી શકેલ નથી. વિશેષમાં કોઈ રેકર્ડ પરનાં આધારભુત પુરાવાની ગેરહાજરીમાં વાદીની મનાઈ હુકમની અરજી મંજુર કરી આ પાડો તોડી નાંખવાનો હુકમ કરવામાં આવે તો આ પાડો બનાવવા માટે પ્રતિવાદીઓને થયેલ ખર્ચની નુકશાન પણ પ્રતિવાદીએ ભોગવવી પડે તેવી શકયતા રહેલી છે અને જેથી પ્રતિવાદીને અન્યાય થવાની સંભાવના છે. આ કામે પીપળીયા હાઈ–વે પરથી નીતીન રામજીભાઈનાં ખેતરની પશ્ચિમ શેઢેથી વાદીઓનાં ખેતર સુધી જતો ઈરીગેશન સર્વિસ રોડ આવેલ છે. જે સબંધે વાદીઓ દવારા માર્ક ૧૯/૧ થી ભાદર પેટા વિભાગ–ધોરાજીનો પત્ર રજુ કરવામાં આવેલ છે જે પત્ર તા.૦૮/૦૫/૨૦૧૫ ની અરજી સંદર્ભે વાદી પ્રવિણભાઈ ડાયાભાઈને સંબોધીને લખવામાં આવેલ છે અને તેમાં "સર્વિસ રોડનો ઉપયોગ સિંચાઈ ખાતાનાં વાહનો ચલાવવા માટે સિંચાઈની વ્યવસ્થા અને કેનાલની દેખરેખ તેમજ જાળવણી માટે કરવાનો હોય આ રસ્તો રાહદારી રસ્તો નથી તેમજ આ રસ્તાનો ઉપયોગ કરવા માટે કોઈપણ ખેડુતને હકક આપી શકાય નહી" તેમ જણાવવામાં આવેલ છે. વાદીઓ દવારા માર્ક ૧૯/૧ થી ફકત આ પત્ર રજુ કરવામાં આવેલ છે પરંતુ આ પત્ર સબંધે તેઓની દાવા અરજી કે વચગાળાની મનાઈ હુકમની અરજીમાં વાદી દવારા એવું કોઈ પ્લીડીંગ કરવામાં આવેલ નથી કે ભાદર પેટા વિભાગ – ધોરાજી દવારા તેઓને કોઈ રસ્તાનો ઉપયોગ કરતાં અટકાવવામાં આવેલાં છે. વિશેષમાં આ પત્રમાં જણાવવામાં આવેલ સર્વિસ રોડ કયો છે તે બાબતે પણ કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલી નથી. વાદી દવારા આ કામે ભાદર પેટા વિભાગ–ધોરાજીને પક્ષકારત તરીકે પણ જોડવામાં આવેલ નથી કે આવા કોઈ રોડ બાબતે વાદી

દવારા કોઈ પ્લીડીંગ જ કરવામાં આવેલ ન હોય મનાઈ હુકમ આપવા જેવા ગંભીર નિર્ણય લેતાં સમયે આ વિગતે વાદીને કોઈ લાભ મળી શકે નહીં. આમ વાદીને પોતાનાં ખેતર સુધી જવા માટે નીતીન રામજીભાઈનાં ખેતરની પશ્ચિમે આવેલ ઈરીગેશન સર્વિસ રોડ હૈયાત હોય, વાદીની વચગાળાની મનાઈ હુકમની અરજી નામંજુર કરવાથી વાદીને કોઈ અગવડતા થાય તેમ નથી પરંતુ તેથી પ્રતિવાદીને અગવડતા થાય તેમ છે. જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં ન હોય મુદા નં.૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબ વાદીઓનાં દાવામાં પ્રતિવાદીઓની સર્વે નં.૧૦૨ પૈકીની જમીનમાં જે ગાડામારગમાં તેઓનો હકક હોવાની માંગણી કરવામાં આવેલી છે તે ગાડામારગ ખરેખર કઈ જમીનો વચ્ચેથી પસાર થાય છે તે રેકર્ડ પર સ્પષ્ટ થતુ ન હોય, તે હાલનાં તબકકે પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે તેમ નથી. વિશેષમાં વાદીઓ પાસે પોતાનાં ખેતરો સુધી જવા માટે ઈરીગેશન સર્વિસ રોડ પર થઈને જવાનો રસ્તો હૈયાત છે. જેથી વાદીઓનો કોઈ પ્રથમ દર્શનિય કેસ ન હોય તથા સગવડતાંની સમતુલા પ્રતિવાદીની તરફેણમાં છે હાલની વચગાળાની મનાઈ હુકમની અરજીમાં માંગવામાં આવેલ દાદ મેળવવા વાદીઓ હકકદાર ન હોય હાલની અરજી નામંજુર કરવામાં આવે તો વાદીને કોઈ નુકશાન નથી અને જો અરજી મંજુર કરવામાં આવે તો પ્રતિવાદીને નાણાંમાં ન માપી શકાય તેવું નુકશાન જાય તેમ હોય મુદા નં.૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

આમ, મુદા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.૪ અન્વયે નીચે મુજબની આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

વાદીઓની આંક–૩૬ ની અરજી આથી નામંજુર કરવામા આવે છે.

અરજીનો ખર્ચ દાવાના આખરી હુકમને અનુસરશે.

આ હુકમ આજરોજ તારીખ ૨૮ માહે ઓગષ્ટ સને ૨૦૧૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

ધોરાજી.
તા.૨૮/૦૮/૨૦૧૫.

( નિતેશ કિશોરભાઈ નાચરે )
કોડ નં. જીજે ૦૦૧૪૫૧
બીજા એડીશનલ (એડ–હોક) સિવિલ જજ અને
જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ધોરાજી.